गूजरात विद्यापीठ ग्रंथालय
[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक ૭ वर्गांक

पुस्तकनुं नाम કાન્તાકુમારી

विषय ૮ - : ૩

કાન્તાકુમારી.

સદ્બોધક અને અસર કારક

મનોરંજક વાર્તા.

—:o:—

પ્રગટ કર્તા

લખમશી ખેતશી.

મુંબઈ

સંવત ૬૫૬. સને ૧૯૦૦

આ પુસ્તક મુંબઈ... ની બંદરપર આવેલા સ્વધર્મનિષ્ઠ
'છાપ' ખાનામાં છાપ્યું.

કીં૰ ચાર આના.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી મૅગીઝાઈટ-સંગ્રહ

ઘોડાને તાકાદ આપનારો


તથા

રૂષ્ટ પુષ્ટ બનાવી

નિરોગી રાખનારો



મશાલો ખાધા પેહેલાની હાલત.



મશાલો ખાધા પછીની હાલત.

મશાલો.

આ મશાલો ઘોડાઓ માટે ખાસ બનાવવામાં આવ્યો છે.

આ મશાલો આપવાથી ઘોડાઓની પાચનશક્તિ વધે છે, બદહજમી દૂર થાય છે, બદનમાં લોહી વધે છે ચામડીના અને લોહીના વિકારો નાશ પામે છે, કૃમી અને કીટકોનો ઘોડાના શરીરમાં અંશ પણ રેહેવા પામતો નથી. આ મશાલો ખવરાવવાથી ઘોડાઓની હાંફ જતી રહે છે. ઘણા વખત સુધી ગાડીએ જોડવાથી અથવા લાંબો વખત સ્વારીમાં રહેવાથી પણ ઘોડાઓને થાક લાગતો નથી. આ મશાલાથી ઘોડાઓના પગના નળા બહુ જોરવાળા અને ટકાઉ બને છે. મરયાદા ભરેલી મસ્તી અને તઇઆરી આ મશાલાથી ઘોડાઓ મેળવી શકે છે. ટુંકમાં આ મશાલાથી ઘોડાઓ નિરોગી રહેવા સાથે બળવાન બનીને ...બી જીંદગી ભોગવી શકે છે.

પોતાના સુખના સાધન રૂપ ... વહાલા જાનવર માટે એ કવાર આ મશાલો ખરીદવાની શ્રીમંતે... ખાસ વિનંતિ કરીએ છીએ.

કિંમત—એક રતલના ડબાનો દો... ડ રૂપીઓ. ટપાલખરચ જુદું.

વાપરવાની રીત ભીંજેલા દાણા સ... એક આંઊંસ મેલવી આપવો.

વી. વલ્લભદાસ ...ને કંપની.

અબદુલ રહેમાન સ્ટ્રીટના ન... ૧૨ પાયધુણી મુંબઇ.

પ્રસ્તાવના.

માથા કરતાં પાઘડી મોટી એ જેમ અયોગ્ય કહેવાય તેમ નાની વાતને મોટી પ્રસ્તાવના એ ગેરવાજબી ગણાય. સદરહુ વાર્તા લખવાનો હેતુ માત્ર એજ કે— દુનીયામાં માણસને હજારો વખત દરેક બાબતની ગુંચવણ આવી પડે છે તો તે દરેક કામમાં સાહસ કદાપિ કરવું નહી અને તેને અનુસરી આ વાર્તા લખવામાં આવી છે. નજરે દીઠેલી અને કાને સાંભળેલી વાત કોઇક વખત કેવી ખોટી ઠરે છે—તેનો આ વાર્તામા આ બેહુબ ચીતાર આપવામાં આવ્યો છે. આશા છે કે આ વાર્તા કદરદાન વાંચકોને પ્રીયકર થઇ પડશે

આ પુસ્તક, સુરતનીવાસી, મી૦ બાલુભાઇ ભગવાનદાસનું રચેલું છે જેમની સહાયતા વાસ્તે અમો તેમનો મોટો ઉપકાર માનીએ છીએ. તેમજ આ અમારા પહેલા પ્રયત્નમાં જે સદગૃહસ્થોએ અગાઉથી આશ્રય આપ્યો છે, અને વળી કેટલાક મીત્રોએ જે બનતી મદદ કરેલી છે, તેઓ સર્વનો અમો અહીંઆ ખરા અંતઃકરણથી ઉપકાર માનીએ છીએ.

— મુંબઇ—
અકટોબર ૧૯૦૦ }

લી૦ પ્રગટકર્તા,
શાહ બ્રધર્સ.

અર્પણ.

રા. રા. દેવજીભાઇ વરશંગ.

માનવંતા સાહેબ,

આપના અલ્પ સહવાસ દરમયાનમાં આપે આપની પરોપકાર વૃત્તી, દેશ દાઝ, મમતા અને ગુજરાતી સાહિત્યની વૃધ્ધી જોવાની ઉમદા કાળજીથી ખરેજ મને સાનંદાશ્ચર્યમાં ગરકાવ કરી દીધો છે. એટલુંજ નહિ પણ આમારા પહેલાજ પ્રયાસમાં હું ફતેહમંદ ઉતરૂં માટે જે અમુલ્ય સહાયતા આપી છે તેના કિંચીત બદલા તરીકે આ પુસ્તક અતિમાનથી આપને અર્પણ કરૂં છું.

લી॰ સેવક.

LUKHAMSI KHETSI,

Cutch Suthri.

કાન્તાકુમારી.

શાર્દુલવિક્રીડિત છંદ.

કાળે કોપ સ્વનાથ સાથ કરવા, ઉરે ન જાણે જરી;
સ્વામી સંગ ઉમંગથી સતી રહે, હર્ષે હમેશાં ભરી;
દુર્ભાષા કદિ સ્વપ્નમાં નવ વદે, શાણી સ્વજાતે કરી;
વાણી સુંદર ઉચ્ચરે મધુ મુખી, રાગે રસેથી ભરી.

(સુંદરસહચરી)

પ્રકરણ ૧ લું.

સ્મરનો ભેદી દડો.

ગુલાબ, મોગરા, ગુલબાસ, ગુલદાવરી, ચંબેલી આદી ફુલોના છોડોં અને નારંગી, જમરૂખી, બદામડી, સીતાફળી, નાળીએરી, જાંબુડી, ખજુરી આદી ફળોનાં ઝાડો ઉપરાંત રંગબેરંગી પાંદડાંના નાના મોટાં ઝાડો ઝુકી રહ્યાં હતાં એવા બગીચામાં એક સુશોભીત મેહેલ આવેલો હતો. જેમાં નાના મોટાં દીવાનખાનાં જોકે ઘણાં હતાં તોપણ એક દીવાનખાનું જે તેના માલીકે ખાસ પોતાને માટે પસંદ કરેલુ હતું, તેની વાત આપણે જરા જણાવવી જોઇએ. તે દીવાનખાનું લંબાઇ પહોળાઇમાં સમચોરસ હતું. તેની નકશી કામથી બનાવેલી છાજ સાથ હાંડી, ઝુમ્મરો અને

બીજા ઘણી જાતના ચીની કામો લટકાવેલાં હતાં. સફાઈદાર ભીંતોપર રંગબેરંગી રંગો ચઢાવી ઉપર તરેહતરેહનાં ફુલો અને પાંદડાં ચતુર ચીતારા પાસેથી ચીતરાવેલાં હતાં. બીલોરી વાલસેટો તેપરની ખુટી ઉપર જડેલાં હતાં. ભોંયતળીએ સફેદ અને લાલ આરસના નાના નાના કટકાઓ સફાઇદાર બેસાડી દીધા હતા નાના કટકાઓ બેસાડતાં જે ફુટ પડતી તેપર સોનેરી રંગની વેલો ચીતરાવેલી હતી. એ ભોંયતળીઆંનો ચળકાટ અને છાજ ઉપર ચઢાવેલો તાજો રોગાન, અને ચીની કામથી તે દીવાનખાનું એટલું તો ચળકાટ મારતું હતું કે તે એક બેહેસ્તના મકાનનો નમુનો હોયની એમ માલુમ પડતું હતું.

સદર દીવાનખાનામાં જે દીવસની આપણે વાત કરીએ છીએ તે દીવસે મકાનના માલીકની સાલગીરી હોવાથી સંધ્યાકાળે સવળે રોશની કરવામાં આવી હતી. સવારથી સઘળી તૈયારીઓ થવા લાગી હતી બગીચાના માળીએ બાગનાં તમામ નાના મોટાં કુંડાંઓને પાણી સિંચી લીલાં કરી દીધાં હતાં. ફુલોનો મોટો જથો એકઠો કરી પોતાની સ્રી અને છોકરાંઓને તેનાં તોરણો, ગુલદસ્તા, ચાદર, હારો વીગેરે ગુંથવાનું ફરમાવી દીધું હતું, તેઓ તે કામ ચાલાકીથી કર્યા જતાં હતાં. પોતે બાગમાં પાથરેલી રેતી મજુરો કને બરાબર પથરાવતો હતો, પાણીનાં ફુવારાઓની ચકરીઓ સાફ કરીને તેને ઉડતા કરવામાં આવ્યા હતા મહેલના ચાકરો સઘળા આજ ઉમદા પોશાક સજી પોતાની નોકરીપર તૈયાર રહેલા હતા. માલીક તરફથી તેઓ દરેકને આજ પાંચ પાંચ રૂપીઆની ભેટ મળી હતી. અનાજ પકાવવા રાખેલા રસોઇઆ જેઓ આડે દીવસે મેલાં અને ગંદાં પોશાક પહેરતા હતા, તેઓ પણ આજે બે ચાર દહાડીનાં ધોબીને આપવા કુરબાન થઇ ગયા હતા કારણ તેમ જો ન કરત તો શેઠ તેઓપર કદાચ ખીજવાઇ ઉઠે. નવ નવી મીઠાશવાળી વાની આજ પકાવવાનો હુકમ થઇ ચુકયો હતો તેઓ તે કામમાં રોકાઇ ગયા હતા. મેહેલનાં પહેરેગીરો સવારના પહોરમાં હજામને બોલાવી સફાઇદાર રીતે મૂછો અને દહાડી કતરાવી ટુંક વખતમાં નહાઇ ધોઇ કપડાં પહેરી કમ્પલીટ થઇ ચોકી પહેરા કરતા હતા. માળીના છોકરાંઓએ ટુંક વખતમાં સઘળું કામ આટોપી

લઇ મેહેલની દરેક બારીએ ફુલોનાં તોરણ લટકાવી દઇ દીવાનખાનાની ટેબલોપર ગુલદસ્તા અનેછુટાં ફુલો, રંગબેરંગી પાંદડાં વીગેરે મુકી આવ્યા હતા. આ સઘળી ગડબડ વીતી ગયા પછી ભોજનનો સમય થયો. માલીક અને તેની સ્ત્રીએ નાના મોટા મેહેલનાં માણસો, ચાકરો વીગેરે સાથે અતિ આનંદે ભોજન લીધું, અને ત્યાર બાદ તેઓ પોતાને માટે તૈયાર રાખેલા દીવાનખાનામાં દાખલ થયાં. આ વખતે રાતનાં આઠ વાગ્યા હતા.

સ્રગ્ધરા છંદ.

પૂર્વે પૂજ્યા હશે જો, પરમ પ્રભુ તણા પાય પ્રેમે કરીને;
નારી સારી ગુણાળી, જગપતિ જનને, દે દયાએ કરીને;
સાચું સંસાર કેરૂં, સુખ સકળ મળે, તારૂણી હોય સારી;
દેજે તું સૃષ્ટિસ્વામી, સરસ ગુણભરી, સુંદરી પ્રેમવાળી.

"વહાલા! તમે આજે આપણા માળીને કેટલા રૂપિયા આપ્યા? એ બીચારાઓનો આજ બહુજ મહેનત લીધી છે જરા આમ તો જુઓ? આ છપર પલંગ ઉપર નાંખેલી ફુલોની ચાદરને કેવી, અરે કેટલી સફાઇદાર રીતે ગુંથેલી છે!"—સ્ત્રીએ કહ્યું.

પુરૂષ જે. દીવાનખાનાની બારી નજીક ઉભો રહી તેપર ટાંગેલું ફુલોનું તોરણ નીહાળતો હતો તે હવે પોતાની સ્ત્રી તરફ ફરીને બોલ્યો:— "પ્યારી, હું તેજ વિચારમાં છું. આ તોરણ એણે કેવું ઉમદા બનાવેલું છે? અંદર વળી —"શેઠને સાલ મુબારક." એટલા અક્ષરો મોગરાની નાની નાની કાચીકળીઓ સાથે લઇ કેવી રીતે ગુંથી લીધાં છે" સ્ત્રી હવે તે તોરણ જોવા પલંગપરથી નીચે ઉતરી આવી. "અરે વાહ! સાબાશ છે! એના ઉમદા કારીગીરીને! પણ આવા ઉમદા કામના તમે એને કેટલા રૂપિયા આપ્યા?"

"તું શું ધારે છે? મેં તો એને પણ પાંચ રૂપિયા આપ્યા."—પુરૂષે કહ્યું.

"એટલાથી એ રાજી તો થયો હશે ? પણ આવા ઉમદા કામને માટે કાલે હું એની સ્ત્રીને એક રેશમી સાડી આપીશ"—આ વખતે ઘડીઆળમાં કઠીંગ કઠીંગ અગીયાર વાગ્યા.

આ શું ? અગીયાર વાગ્યા, વાતમાં વખત કેવો પસાર થાય છે, વહાલા હવે નીંદ્રાવશ થાવ તો સારૂં, આજના જેવો ખુશાલીવાળો દીન મેં આગળ કયારે જોયો છે ?"

"વહાલી, ખુશાલીનું મૂળ કારણ તુંજ છે. તું જો નહોત તો આ ખુશાલી હું કયે દીવસે અનુભવત ? તારે ઠેકાણે કોઈ કજીઆખોર અને મારી મરજી પ્રમાણે ન વરતનાર કોઇ બીજી સ્ત્રી હોત અથવા મને સ્ત્રીજ ન હોત તો આવો ખુશીનો દીન હું કદી જોવા પામતજ નહીં. ચાલો હવે આપણે પલંગપર જઇએ"—પુરૂષે કહ્યું.

સ્ત્રી અને પુરૂષ હવે પલંગપર જઈ સુતાં આનંદસાગરમાં ડુબકાં ખાતી સ્ત્રી થોડી વારે નીંદ્રાવશ થઈ. પુરૂષ જોકે મીઠી નીંદ્રામાં પડયો હતો પણ કાંઈક જાગ્રત સ્થીતીમાં હતો. આ વખતે મધરાતના બાર વાગ્યા હતા. બગીચાના પહેરેગીરો મંદમંદ વાયુની લ્હેરમાં ઝુંપતા હતાં. સઘળે ચુપકીદી ફેલાઈ રહી હતી. દીવાનખાનાની બારીઓ સાથે બાંધેલા તોરણોમાંથી પલંગપર નાંખેલી ચાદરમાંથી અને ટેબલપર ગોઠવેલા છુટા ફુલોમાંથી મંદમંદ લ્હેર પુરૂષનાં શરીરપર ચાલી આવતી હતી. બારીઓ સઘળી બંધ હતી. પણ દીવાનખાનાની વચલી બારી, અને પલંગ આગળની બારી તેજ માત્ર હવા ખાવા માટે આ વખતે ખુલ્લી હતી. પુરૂષે પોતાનું પાસું ફેરવવા માથું ઓશીકાપરથી ઉચક્યું; એટલામાં પાણીની તરશ લાગવાથી, આરસપહાણના ગોળ નાના ટેબલપર મુકેલો પાણીનો કુંજ લેવા તે પલંગપરથી ઉઠવા કરતો હતો; પણ એટલામાં વચલી બારી વાટે એક ગોળ નાનો દડો ચાલી આવતો તેની નજરે પડયો જે જોઇ પલંગપરથી ઉઠી તેને ઝીલી લઇ તે ટેબલ નજીક આવી બેઠો. આ દડો રબરનો હતો, અને તેની ઉપર કાચા સુતરના

સાત તાર વીંટાળેલા હતા. પુરૂષે તેને આમ તેમ ફેરવી જોઇ તાર એક પછી એક ઉકેલવા માંડયા. જ્યાં છેલ્લો તાર ઉકલાઈ રહયો એટલે તે દડાનાં બે ફાડચાં થઈ અંદર એક નાનો કાગળ માલમ પડયો. પુરૂષે તે કાગળમાં શી બીના છે તે જાણવા તે ઝડપથી ઉકેલ્યો, તો તે તમામ સાફ કોરોજ દીઠામાં આવ્યો. તેમાં એક અક્ષર લખેલો નહોતો, પણ ફકત કાગળની મધ્ય ભાગે શાહીનો એક ડપકો પડેલો હતો. પુરૂષ આ જોઇ આશ્ચર્ય પામ્યો તે વારેવારે દડાની ફાડને તપાસવા લાગ્યો, પણ એનો કશો ભેદ તે પામી શકયો નહી આ બધું થતાં માત્ર એક પળ બાગેજ લાગી હશે. તે તુરત બારી કને ગયો; આસપાસ જોયું તો કાંઇ માલમ પડયુ નહી બારીએથી ડોકું ટીકાવી જોયું તો પહેરેગીરો તમામ ઝુંપતા માલમ પડયા પોતે દીવાનખાનાનું બારણું ઉઘાડી તમામ દીવાનખાનું તપાસી વળ્યો. આખરે બગીચામાં જઇ તપાસ કરવા લાગ્યો, પણ પહેરેગીરો શીવાય કેઇ વ્યક્તિ નજરે પડયું નહી. તે પાછો નીરાશ થઇ પોતાના દીવાનખાનામાં દાખલ થયો, અને ખુરશી પર બેશી તે દડાને પાછો તપાસવા લાગ્યો. આખરે તે બોલ્યો.—"જગનિયંતા પ્રભુ? આશ્ચર્યકારક આ ભેદનો પત્તો તું મને બતાવ. મારે આ વિષે શું મત બાંધવો? આ કોઇક જાદુઇ ખેલનો અખતરો તો ન હોય? ગમેતેમ, પણ આનો ભેદ ઘણોજ ઊંડો હોવો જોઇએ. આ ભેદને માટે હું કોની સલાહ પુછું? કયા મહાત્માને મળુ? મારા દીલની શંકાનું નીવારણ કોણ કરે? શંકાનું નીવારણ માત્ર મનજ કરી શકે છે, શીવાય કોઇજ નહી મોડે વહેલે એ ભેદનો ભરમ ખુલશેજ."—આટલા શબ્દો બોલી તેણે પાણીનો કુંજ ઉચકી પ્યાલામાં શીતળ જળ લઈ પોતાનું મોં ધોઇ તરસ છીપાવી. ખુરશી ટેબલની બીજી બાજુએ ખસેડી તે પર બેઠો. પણ આશ્ચર્ય વચ્ચે બોયતળીઆ પર બગવા વસ્ત્રની બે તસુ જેટલી નાની ચીઠ્ઠી પડેલી જોઇ. તે ઊંચકી આસપાસ ફેરવી જોઇ તો તે પર પણ કાંઇ નીશાની કે અક્ષરો જોવામાં આવ્યા નહી—"આ લુગડાની પટ્ટી પણ તે દડાની અંદરજ આવેલી હોવી જોઇએ, અને હવે એ ભેદનો કાંઇક પત્તો મારા મગજમાં ઉતર્યો

ખરો. એ દડાનો સઘળો ભરમ હવે મારા સમજવામાં આવ્યો. એ દડો કાંઇ જાદુઇ કે મંત્રતંત્રનાં પ્રયોગનું સાધનભુત નથી પણ અક્કલનો એ એક ઉમદા નમુનો છે. ખરેખર જે પુરૂષે એ અત્યારે મારી ઉપર ફેંક્યો છે, તે ઘણો ચાલાક અને વિદ્વાન હોવો જોઇએ દયાળુ અંતઃકરણ સાથે સખી હોવો જોઇએ. ઘાતકી હૃદયનું આ કાર્ય હોયજ નહીં! અ હ ? કેવો ગુપ્ત ભેદ આ નાનો દડો મને સુચવે છે! અરે સાબાશ આ યુક્તિ યોજનારને. ધન્ય છે એની અક્કલને પણ એ કેણે મારી ઉપર મોકલી આપ્યો ? એ અનુમાન મારાથી શી રીતે થઇ શકશે ? તે માટે કશો ઈશારો કરેલો મને માલમ પડતો નથી મારી સમજ આ નાના દડાને વિશ્વરૂપ કલ્પે છે. એપર વીંટાળેલા કાચા સુતરના તાર, જેટલી સહેલાઇથી તુટી જાય છે તેટલી સહેલાઇથી આપણી જીંદગીના તાર પણ કોઇક દીન તુટી જશે તો દડા સમ આ વિશ્વમાં શી ખુબી અને તત્વ રહેલું છે તેથી આપણે અજાણ રહીશું. બહેતર જે તેનું સંશોધન એ તારના તુટી જવા પહેલાંજ કરવું જેવી રીતે આ કાચા સુતરના તાર આસ્તે રહી મેં ઉકેલ્યા તો અંદરથી બે વસ્તુ પ્રાપ્ત થઇ તેવીજ રીતે આ દુનિયાનુ સંશોધન પણ મારે કરવુંજ જોઈએ. મારી કલ્પના એ દડનાં સંબંધમાં આ પ્રમાણે સુચન કરે છે. પણ આ ચેતવણી મને આપનાર પુરૂષ કોણ ? તેને એવી શી જરૂર કે તે મને આ પ્રમાણે ચેતાવે ? કદાચ મારી આ ધારણામાં હું ચુકતો તો ન હોઊં ? એ દડાના સંબંધમાં આ શીવાય કંઈ બીજોજ ભરમ હોય તો ? મારી કલ્પના વળી એના સંબંધમાં એક બીજો મત પણ દર્શાવેછે. કદાચ એના ફેંકનારે એ દડાને સ્ત્રીના સ્તનરૂપ (એટલે સ્ત્રી-રૂપ) અને સુતરના તારને પુરૂષના મનરૂપ કલ્પ્યા હોય તો ? એ પ્રમાણેનો અર્થ પણ એ દડાના સંબંધમાં બંધબેસ્તો થસે ખરો. ધારો કે કોઈ પુરૂષ કોઇક સ્ત્રીના પ્યારમાં પડયો હોય અને તેમાં તે ઠગાયો હોય તો તે આ દડાને સ્ત્રીરૂપ, સુતરના તારને પોતાના અંતઃકરણરૂપ, કાગળની વચ્ચે પડેલા શાહીના ડાગાને સ્ત્રીનાં ઘાતકી હૃદયરૂપ, અને ભગવાં વસ્ત્રની ચીપને તેણે સન્યાસ ધારણ કર્યો છે, એ એંધાણીરૂપ હોવા જો-

ઇએ. પ્રાચીન આદડામાં આટલા બધા છુપ ભેદ સમાયલા મને લાગે છે. પણ કયો પુરૂષ આ પ્રમાણે સ્ત્રીના પ્યારમાં ફસાઇ પડયો છે ? એ કોઇક મારો મિત્ર હોવો જોઇએ એ શીવાય અન્યનું આ કાર્ય હોય નહી. મિત્ર તે પણ કોઇ મારો જીગરજાન અને ચાલાક હોવો જોઇએ. જે મારાથી વીખુટા પડતાં પણ આ પ્રમાણે મને ચેતવણી આપી જાયછે મારો પરમ પ્રિય મિત્ર તો ચદ્રસેન શીવાય કોઈ અન્ય હાલમાં છેજ નહી. પણ તે એક પતિવ્રત્ત આચરે છે પર સ્ત્રી તે માતા અને બ્હેન સમાન ગણે છે, તેમજ તેની સ્ત્રી **કાન્તાકુમારી** કે જેણે પોતાની આખી જીંદગીમાં પોતા પતિ અને મારા શીવાય અન્ય પુરૂષનુ મુખ હજુ સુધી જોયું નથી. પછી પતિનાં કલ્યાણાર્થે સદાએ વ્રત નીમ, અને ઉપવાસ કરતી પોતાની જીંદગી પુરી કરે છે, તો તેનાથી એ મારા મિત્રને નીરાશ થવાનું કારણ સ્વપ્ને પણ બનેજ નહી ત્યારે હવે મારો બીજો એવો કયો મિત્ર છે જે આવી વીપત્તિમાં આવી પડયો છે" આ વખતે બરાબર બાર વાગ્યા હતા તે ખુરશી પરથી ઉઠયો, પલંગ પાસે જઇ પોતાની સ્ત્રીનું નીંદ્રાવશ થયલું મુખ જરા નીહાળ્યું હસમુખા મુખડાપર આસ્તેથી પ્યારનું એક ચુંબન કરી પોતાનો હાથ તેના કપાળપર ફેરવ્યો. અને હવે તેણે ભીંત સાથે ટાંગેલા મોટા આરીસા નજીક જઇ પોતાના બાલ બરાબર સમારી ખુંટીએ ભેરવેલુ કસબી મંદીલ માથે બાંધ્યું. કમરપટો ચઢાવી ટેબલપર પડેલી તલવાર મ્યાન સહીત તેમાં ભેરવી પગે મોજા ચઢાવી કસબી બુટ પહેરી કમ્પલીટ થઇ તે હવે પાછો પલંગ નજીક આવી ઉભો. આ પુરૂષનું નામ સુર્યસેન હતું અને નીંદ્રાવશ થએલી તેની પ્રિયાનું નામ પ્રભાવતી હતું. દડાનો અદ્‌ભુત ભરમ પ્રભાને જણાવી તેને માહીતગાર કરવી કે ન કરવી એ બે વિચાર તેના મનમાં રમ્યા કરતા હતા. ઘડીકમાં તેનું મન આ બીનાથી તેને અજાણીજ રાખવાનું થતું અને ઘડીકમાં તેને માહીતગાર કરવાનું થતું. આખરે તેણે પ્રભાથી આ ભેદ છુપાવ્યો, અને દીવાનખાનાનું બારણું ઉઘાડી બગીચામાં જઇ પોતાનો ઘોડો પોતાને હાથે તૈયાર કરી તેપર સ્વાર થઇ પોને ધારેલે મુકામે જઇ ચઢયો.

સુર્યસેને ધારેલું મકાન તેના મિત્ર ચંદ્રસેનનું હતું.. તેનો વિચાર આ વિષયમાં તેની સલાહ લેવાનો હતો. પોતાનો જીવજાન મિત્ર જાણી આ ભેદનો પતો મેળવી આપવાની સુચના કરવા તે આવ્યો હતો. ટુંક વખતમા તે ચંદ્રસેનના બંગલા સમીપ જઇ ચઢયો. તે વેળા રાતના બે વાગ્યા હશે. ઠંડી સખત પડતી હતી. તે પોતે ઘોડાપરથી ઉતર્યો; તેવોજ એક પેહરેગીરે આવી સલામ કરી.

પહેરેગીર—હુકમ હોય તો ઘોડો લઈ જઇ ઘોડારમાં બાંધું.

સુર્યસેન—કોણ રામબક્ષ કે?

પહેરેગીર—હા, દાદા.

સુર્યસેન—ચંદ્રકુમાર ક્યાં છે?

રામબક્ષ—અત્યારે નીંદ્રાવશ થયલા તેઓ શયનગૃહમાં હશે.—અને હવે તે મહેલના દાદરે ચઢવા લાગ્યો. દાદર આગળ જતાજ એક બીજો પહેરેગીર જે દાદરનો હાથો પકડી ઝુપતો હતો તે અવાજથી ચોંકી ઉઠી આશ્ચર્ય વચ્ચે બોલી ઉઠયો.—"એ કોન હય"?

"સાબાશ, એ શી ખબરદારીસે નોકરી બજાતા હય"? સુર્યસેને હસતાં હસતાં કહયું.

"મહારાજ, ખુદાવીંદ, મેરી તબીયત અચ્છી નહી હય, માફ કીજીએ મુજ ગરીબકો."—મઇયાજી ગબડી પડયા.

દાદર ચઢી પહેલો માળ વટાવી તે બીજા માળની સીડી નજીક આવ્યો. આ વખતે સઘળે શાંત હતું માત્ર પડશાળોમાં પહેરેગીરો ફરતા હતા, તેમાંએ કેટલાક તો ઝુપતા હતા. સઘળા સુર્યસેનને ઓળખતા હોવાથી તથા ચંદ્રસેન તરફથી સુર્યસેનને ગમે તે વખતે મેહેલમાં આવવાની છુટ મળી છે, એમ જાણીતા હોવાથી કશો અટકાવ થતો હતો નહી સઘળા સલામો કરી શયનગૃહનો માર્ગ બતાવવા અગાડી એક પછી એક પોતાની હદ સુધી મુકવા સાથે જતા હતા. છેવટ શયનગૃહવાળું દીવાનખાનું. આવ્યું. એ શયનગૃહ નજીક ચંદ્રસેન અને સુર્યસેન શીવાય કોઇ પણ ગાફીલ પુરૂષને ચંદ્રસેનની આજ્ઞા શીવાય જવાની બંધી હતી. પહેરેગીરો

પણ ત્યાંથી દુરના ભાગમાં ચોકી કરતા હતા, એટલે પોતાની હદ સુધી માર્ગ બતાવી છેલ્લો પેહેરેગીર પાછો ફર્યો. સુર્યસેન હવે ઉતાવળે પગલે દીવાનખાનાનાં બારણા નજીક જઈ ચઢ્યો, પણ રૂદન કરતી કાન્તાનો અવાજ સાંભળી ખંચાઈ સ્તબ્ધ થઈ બાહાર ઉભો.

* * *

પ્રકરણ ૨ જું.

રૂદન કરતી કાન્તા અને દાશી તરલા.

આ મોટું આશ્ચર્ય ? કાન્તા બહેન આજ કેમ આમ વિલાપ કરે છે ? પ્રીય મિત્રની પતીવૃતા પત્ની શા માટે આમ શોચ કરે છે ? એને માથે શી આફત આવી છે ? મિત્રની સ્ત્રીનુ દુઃખ મારે હરેક પ્રકારે પણ ટાળવુ. આ જીવ જાવનો બહેતર પણ કાન્તાના વિલાપો આ કાને સાંભળવા અને અસ્ત મુખડું આ ચક્ષુએ નીહાળવું તે ભુડું. કદાચ મિત્રના દુઃખને દેખી એ રડતી હશે, તો મિત્રને પણ તે દુઃખથી છુટો કરવો. મિત્રના વીપત્તિ મિત્રે ટાળવી એ નીતી શાસ્ત્રમાં મનુષ્ય માત્રની ફરજ સુચવેલી છે મિત્રના દુઃખે જે દુઃખી થતો નથી તે આ જગતમાં કાષ્ટવત (લાકડા જેવા) છે તે ચૈતન્યવાળો છતાં તે તેથી રહીત છે, અને જીવતો છતાં મરેલો છે.

કાન્તાકુમારીના દુઃખદ અને ધીમા બોલો પાછા સંભળાવા લગ્યા. એટલે સુર્યસેને પોતાના કાન બારણા નજીક ધર્યા.—'અફસોસ ! સખી. મારાં કરેલાં સઘળાં જતા આજ વસડાઈ ગયાં. સ્વામીનાથના મનથી હું દોષીત ઠરી, પતીવૃતા તે આજ પાતકી થઈ નીંદાને પામી. તો પછી જીવાત ધારણ કરી રાખવામાં માલ શો ? સ્વામી તીરસ્કાર દઇ ત. મવા તે કરતાં પોતાની સમશેરથીજ, આ પાપણીનું માથું કાપી ક

ગયા હોત તો હું ધન્યભાગ્ય માનત. મારૂં જીવન સફળ થયું સમજત હું અતી આનંદે મરત, પણ હાય અફસોસ, મારા એવાં કયાંથી ભાગ્ય, આખરે ત્યારે તરલા એ ઝ–ઝ–ર ”

"ઝેર" શબ્દ સાંભળી સુર્યસેન ચમક્યો તે પોતાને આ વખતે ભાગ્યશાળી માનવા લાગ્યો. ઈશ્વરના દડાને ધન્યવાદ આપવા લાગ્યો. કેમકે નહીં તો તે આ વખતે કદાપી કાન્તાની મદદે આવી લાગતેજ નહીં. તે તરત દીવાનખાનાનું બારણું જોશભેર ખોલી અંદર દખલ થયો કાન્તા ઝેરનો પ્યાલો લઇ પીવા કરતી હતી, અને તેની દાશી તરલા રૂદન કરતી કપાળે હાથ દઇ ચોધાર આંસુએ રડતી ઉભી હતી.

સુર્યસેનને પ્રવેશ કરતો જોઇ તરલા આશ્ચર્ય પામી. કાન્તાના હાથમાંથી ઝેરનો પ્યાલો ખુચી લઇ સુર્યસેન તેની પાસે જઈ પલંગપર બેઠો. કાન્તા મુર્છીત થઇ તેના હાથપર ઢળી પડી. તરલાએ ગુલાબ જળની ઝારી આણી કાન્તાના મુખપર છાંટી. આ વખતે તરલાના પગમાં વિશેષ જોર ચઢી આવ્યું હતું. તેણે તુરત શીતળ ઉપચારો એકપછી એક તૈયાર કીધા. કેટલાક સુગંધી લેપો કાન્તાના કપાળપર કરી તેને શુદ્ધિમાં આણી. પોતાની સ્થીતીનુ ભાન થતાં કાન્તા, ચંદ્રસેનની ખબર પુછવા લાગી.

બહેન આ મોટી આશ્ચર્યની વાત, તમારા રૂદનનું કારણ હું હજુ સુધી સમજી શક્યો નથી. ચંદ્રસેન જેવા શુરવીર રાજકુમારની પતીવ્રતા પત્ની અને સુર્યસેન જેવાની ભગીનીને શામાટે ઝેર પીવાની ફરજ પડે ? કાન્તા બહેન મને હવે તમારા રૂદનનું કારણ જણાવો. મારો વ્હાલો બંધુ આ વખતે કયાં છે? તેનો કેમ આમ રૂઓ છો ? આ તરલા કેમ આમ બેબાકળી થઇ છે ? આ બધી શી બીના બની છે! મને એમાં લેશ માત્ર પણ સમજ પડતી નથી.—સુર્યસેને કહ્યુ.

"ભાઇ, એ ઝેરનો પ્યાલો મને ખુશીથી પીવા દો. તમો સઘળું જાણો છો. ભાઇ, તમારી વ્હાલી બહેન કાન્તાને કલંક મુક્ત થવા એ પ્યાલો ખુશીથી પીવા દો—કાન્તાકુમારી ગદગદ કંઠે બોલી.

"મારી ભગીનીને માથે કલંક ? કોણ તને કલંકીત ધારે છે? પણ કયાં છે ત્યારે મારો મિત્ર ચંદ્ર ?" સુર્યે કહ્યું.

કાન્તા પાછી એકાએક મુર્છીત થઇ પડી. તરલા પવન નાખવા લાગી સુર્ય પાછો વધારે અધીરો થવા લાગ્યો, તે બોલી ઉઠયો—"તરલા મારો મિત્ર ચંદ્રસેન કયાં છે? કાન્તા બહેન શા સારૂ આ ઝેરનો પ્યાલો પીએ છે? તું એ બીનામાં શુ જાણે છે, બોલ ઉતાવળી ?

તરલા—મહારાજ, આજ સંધ્યાકાળે તમારા મિત્ર ક્રોધાવેશમાં આવી, કાન્તા બહેનનો ચોટલો ઝાલી, પલંગ પરથી નીચે પાડી મ્યાનમાંથી સમશેર કાઢી ઉગામી, પણ હું વચ્ચે પડી એટલે તલવાર ફેંકી દઈ, હજારો ધીટકાર આપી, એકદમ અહીંથી નીચે ઉતરી પડયા. મુર્છીત થએલી કાન્તા બહેનને મુકી હું મહારાજની પુઠે ગઇ પણ એઓ તો ઘોડેસ્વાર થઇ ઘોડાને પુર વેગમાં હંકારી ગયા.

સુર્યસેન—તરલા, હવે હું એ ભેદનો પત્તો મેળવી લાવીશ, તું કાન્તા બહેનને ધીરજ આપજે, અત્યારેજ હું એમની શોધમાં નીકળી પડું છું. કશી ગડબડ તમે હાલ કરશો નહી. ચોથે કાને આ વાત જાય નહી પણ એટલામાં કાન્તાએ બેભાન સ્થીતિમાં લવવા માંડયું —"હાય, પ્રાણ તમો નષ્ટ થઇ કેમ હજુ આ દેહને છોડીને ચાલ્યા ગયા નથી ? *કલંકરૂપી ચેપમાં સીંચાયા પછી પણ તમે કેમ હજુ દેહમુકત થયા નથી? *તરલા હવે તું લાવ સ્વામીનાથે ફેંકી દીધેલી પેલી તલવાર. પ્રાણનાથે એને તરછોડી ફેંકી દીધી છે, પણ હું તો એને ખુશીથી મારા ગળાનો હાર કરીશ

દાસી તરલાને કાન્તાકુમારીની સંભાળ રાખવાનું કહી ઝેરના પ્યાલાને એક નાની શીશીમાં ઠાલવી. તે શીશી પોતાના પટમાં રાખેલી પાકીટમાં મુકી. ત્યાંથી ચંદ્રની શોધ માટે નીકળ્યો. તેને હવે ખાત્રી થઇ કે કડાને ફેંકનાર તો તેનો મિત્ર ચંદ્રસીંહજ હતો, અને તે કાન્તાને તીરસ્કાર દઈ

પાછા ફરતા મને આ નીશાની કરી ગયો છે, તેણે સંન્યાસ ધારણ કર્યો છે એમાં લેશમાત્ર શંકા નહી ને હજુ ટુંક રસ્તામાંજ હશે. હજાર પ્રકારે પણ હું એના વિચારો ફેરવી કાન્તા બહેનને કલંક મુક્ત કરીશ. કાન્તા જે ખરેખર કલંકીનજ હોત તો, શા સારૂ ઝેર પી આપઘાત કરવા તત્પર થાય? મને એનાપર પૂર્ણ ભરોસો છે. કાન્તા ચંદના ધારવા પ્રમાણે દોષીત છેજ નહી. તે એક સાધ્વી અને શીયળને પ્રાણથી પણ અધીક ગણનારી, સાક્ષાત યોગીનીરૂપ છે. આવા વિચારે સુર્ય પોતાનો ઘોડો પુર જોરમાં હંકારી મેહેલથી ઘણો દુર નીકળી ગયો.

થોડો રસ્તો કાપ્યા પછી તે એકાએક ચમકયો. તેને, તેની સ્ત્રી પ્રભા યાદ આવી. તેને જણાવ્યા શીવાય હું શહેર છોડી જાઉં તે સારૂં નહી. સદા એ મારૂં હીત ઇચ્છનાર પ્રીયાને દગો દઇ ચાલ્યા જવું એ વાજબી નહી. મારા જેવાને એ ન ઘટે એ મને ખુશીથી મિત્રની શોધમાં જવા કહેશે. એ કાંઇ નાદાન કે હઠીલી નથી જે આવા કામમાં મને રોકે. તો પછી, શા વાસ્તે તેને દુભવીને મારે જવુ? જાગૃત થતાં મને એ ન જોશે તો એને કેટલો ખેદ થશે? અને તપાસ કરતાં જ્યારે હું મેહેલમાં નથી એમ એની ખાત્રી થશે ત્યારે, તે મારે વિષે કેવો ખોટો વિચાર લાવશે? મારો પ્યાર પ્રપંચી ઠરશે? પ્યારની મજબુત ગાંઠ કદાચ તુટી, તો તેને પાછી સાંધવી ઘણી મુશ્કેલ પડશે. અને મારે વિષે તેના મનમાં પડેલા સંદેહનું સમાધાન કરતાં, મારે મોટી મહેનતમાં ઉતરવું પડશે. તો બહેતર છે જે, તેને આ બીનાથી વાકેફ કરી, મારે મિત્રની શોધમાં જવું. તે ત્યાગી છે! ડાહી છે!! અક્કલનો ઉમદા નમુનો છે!!! તો, વખત વિચારી જશે. મને એનાપર સંપુર્ણ ભરોસો છે. ત્યારે નજીવી બાબત સારૂ એનું મન દુભાવી જવું એ ઠીક નહી મારા જેવાને એ ન ઘટે. પ્યારની એ લાગણી હોય નહી. પોતાની વ્હાલી સખી કાન્તાનુ દુઃખ સાંભળી ચંદ્રની શોધમાં જવાના આ મારા કાર્યને,

તે ખરેખર ધન્યવાદ આપશેજ. આવા વિચારે તેણે પોતાનો ઘોડો અરધે રસ્તેથી પાછો પોતાના મેહેલભણી વાળ્યો.

* * *

પ્રકરણ ૩ જું.

મૃત્યુના મુખમાં પ્રભા.

આણીગમ નીંદ્રાવશ થયેલી સુર્યની સ્ત્રી પ્રભા જાગૃત થતાં, ઝબકી ઉઠી પોતાના પતીને શોધવા લાગી તે બીચારી આખુ દીવાનખાનું તપાસી ફરી, પણ તેમાં નીરાશ થઇ. તેની આંખોમા આંસુઓ ભરાઇ આવ્યાં. નવીન શંકાઓ મનમા ઉભી થવા લાગી. થોડીવારે તે ઘણીજ અધીરી થઇ. તેની છાતી થડકવા લાગી. તે બેબાકળી થઈ. તેના કોમળ હાથ પગ ધ્રુજવા લાગ્યા તેનું આખું શરીર ભયથી કંપવા લાગ્યું આખરે તે બોલી. "આશ્ચર્યની વાત છે, જે—પ્રાણનાથ કયાં એકાએક ગુમ થયા. શૃંગાર રસની અરસપરસની વાતો કરી અમે સાથેજ નીંદ્રાવશ થયાં હતાં, અને જાગી તો તેઓ ન મળે મારા સ્વામી મને આવા મધરાતને સમયે એકલી તજી કોઇ દીવસ જાય નહી, તો આજ કેમ મારાથી પોતાની વાત છુપાવી એકલી મુકી ચાલી ગયા હશે ? પણ અત્યારે એમને એવી તે શી ફરજ પડી હશે, જે આમ એકાએક મને અજાણી રાખીનેજ ચાલ્યા ગયા? એમની તલવાર અને બીજાં હથીઆરો પણ જણાતાં નથી મંદીલ પણ છે નહીં. માટે જયાં ગયા હશે ત્યાં પણ કાંઈક જોખમના કામમાં બહાદુરી મેળવવાની આશાએજ ગયા હશે પણ તેમાં ત્યારે શી મોટી વાત હતી ? તેમ હોય તો તે, મને જણાવવામાં હરકત શી ? હું નથી ધારતી કે શામાટે ત્યારે, એમણે મારાથી એ વાત છુપાવી ? વખત તો ઘણો વીતી ગયો ! હું પણ એક ક્ષત્રાણી છું ! વીર પુરૂષની પત્ની

છું ! તો ભરોસો રાખી કાયર થઇ બેશી રહું તેના કરતાં, સ્વામીની તપાસ કરી માહીતગાર થાઉં તો શી હરકત છે ! એમ ધારી, તે હવે હાથમાં મીણબત્તીનો વાલસેટ લઇ મેહેલનાં તમામ દીવાનખાના તપાસી, આખરે બગીચામાં જઇ શોધ કરવા લાગી.

તપાસ કરતાં બાગમાં એક રૂષ્ટપુષ્ટ ઘોડો ફરતો દીઠામાં આવ્યો. તે તેની તરફ વળી. અને તેની લગામ પકડી તપાસવા લાગી એ ઘોડો તેણે ચંદ્રસેનનો ધાર્યો, જેથી તેનો ગભરાતો જીવ જરા શાંત પડયો. કારણ, પોતાના સ્વામી સૂર્યસેન આ બાગમાંથીજ મળી આવશે એમ તેણે ધાર્યું. તે હવે ઘોડાને મુકી બાગમાં આગળ વધી તો, મોગરાના લત્તા મંડપમાં મુકેલા આરામકોચપર બેભાન સ્થીતિમાં એક પુરૂષ પડેલો તેણે જોયો. તે તેની પાસે ગઇ પણ તેણે ધારણ કરેલો ભગવે પોશાક જોઇ તે ચોંકી ઉઠી. પણ તેની મુખમુદ્રા નીહાળતાં તે આશ્ચર્ય પામી એ સંન્યાસી તે, તેના સ્વામીનો મીત્ર ચંદ્રસેન હતો. ચંદ્રને બેભાન સ્થીતમાં જોઇ પ્રભાની આંખમાં આંસુઓ ભરાઇ આવ્યાં. તે કોચના હાથાને ટેકો દઇ, ઉભી ઉભી તેનું મુખ નીહાળવા લાગી. તેનાં ઉષ્ણ આંસુ ચંદ્રના મુખપર ટપકવા લાગ્યાં, જેથી તે એકદમ ચોંકી ઉઠયો. અને આ વખતે કોચપર બેશી, પ્રભાએ તેને પોતાના હાથમાં ઝીલી લઇ વસ્ત્રના પાલવે વાયરો ઢોળવા લાગી.

મારતે ઘોડે સુર્ય પોતાના મહેલ નજીક આવી ચઢયો. ઘોડાને બાગમાં છુટો મુકી પોતે દીવાનખાનામાં દાખલ થયો. પણ આશ્ચર્ય વચ્ચે તે ચોંકી ઉઠયો. તેનું લોહી ગરમ થઇ આવ્યું. પ્રભાનાં શીયળ વિષે તેને ખોટી શંકા આવી. તેનું મન તેના કાબુમાં રહી શકયું નહી. તે ઝનુની થઇ પોતાનો પગ ઠોકવા લાગ્યો. આખરે તે બોલ્યો—“પ્રભા ! પ્રભા ! કળિયુગનો અંશ ! આ, શી નાદાની ! તન અને મન અર્પણ કરી તારી મોહજાળમાં ફસાયા પછી, પણ આવી બેઅદબી ! ધિક્કાર છે તારા નામને !—આહા ! દૈવ, આ શી તારી કૃતી ! પણ હું કદાચ મારા વિચા-

શેમાં ઠગાયો તો નથી ? કદાચ મારી પ્રાણપ્રીયા મારી શોધ કરવા તો ન ગઇ હોય ! એ ઘણીકવાર પોતાને કહેતી—"હું ક્ષત્રાણી છું, વિર પુરૂષની પત્ની છું, શસ્ત્રવિદ્યા હું સારી રીતે જાણું છું. કામ પડે તે વાપરતા આંચકો ખાઉં એમ નથી. તે કદાચ મને ન જોવાથી, મારા ઉપર કંઇ આફત આવી પડી હોય એમ ધારી, મને તેમાંથી મુક્ત કરવાને ઇરાદે તો મહેલ છોડી ન ગઇ હોય ? હોય ! કદાચ એમ પણ બને. આવા ઉદ્વેગ ભાંતે સુર્ય બારી નજીક ઉભો. પણ બાગમાં દૃષ્ટી નાખતાં મીણબતીનો ઝાંખો બળતો દીવો, મોગરાના લત્તા મંડપ તરફ જરા દુર દ્રષ્ટીએ પડયો; અને વધારે બારીકીથી જોતાં, પોતાની સ્ત્રી પ્રભા અને કોઇક બીજો પુરૂષ તેના ખોળામા સુતેલો દૃષ્ટીએ પડયો.

હવે તે વધારે અધીરો થયો. તેના મનમાં પ્રભાનાં શીયળ વિષે પડેલો શક હવે સાબીત થયો. નજરેનજર દીઠા પછી તેની ધીરજ રહી શકી નહી. કમરપટામાંથી તલવાર ખેંચી. તે ક્રોધીત ચેહેરે દીવાનખાનામાંથી નીકળી, મોગરાના લત્તા મંડપ ભણી ધસ્યો, પણ એટલામાં પ્રભા બોલી ઉઠી—"શાંત થાઓ, શાંત ! હું દોષીત નથી ! આપણા મિત્ર ચંદ્રની હું સારવાર કરૂં છું !

* * * * * * * * *

પ્રકરણ ૪ થું.

કલંક મુક્ત કાન્તા—ભરમનું ખુલવું અને છેવટ.

સુર્યે પોતાની તલવાર મ્યાનમાં ઘાલી, અને ચંદ્રભણી વળી તેને જગાડવા લાગ્યો. મિત્રનો સાદ સાંભળી તે તુરત ઝબકી ઉઠયો. પ્રભાએ શીતળ ઉપચારો કરી સુવાસીત લેપ તેના કપાળે ચોપડયો. અને હવે સુર્ય-ચંદ્રનો હાથ પકડી તેને પોતાના દીવાનખાનામાં લઇ ગયો. એક

આરામકોચપર ચંદ્રને સુવાડી સુર્ય તેને વાયરો ઢોળવા લાગ્યો. પ્રભાએ ગુલાબ જળની ઝારી આણી અને ચંદ્રના મુખપર આસતે આસતે છાંટવા લાગી. થોડીવારે ચંદ્રે આંખ ઉઘાડી અને ભાન આવતાં તે ઉઠી બેઠો થયો.

સુર્યસેન અને ચંદ્રસેન બંને હવે દીવાનખાનામાં મુકેલા ટેબલ કને ખુરશીઓપર જઇ બેઠા. પ્રભા બારી કને જઇ ઉભી.

પ્રિય બંધુ, તમારા સંબંધમાં આ શી બીના બની છે? આ સંન્યાસ ધારણ કરવ નો હેતુ શો? આજ મધરાતે એક નાનો રબરનો બોલ મારા ખોળામાં બારીવાટે થઇ આવી પડયો, હું ભમાયો! એનો હેતુ શું હશે, તે જાણવા માટે તમારા મેહેલભણી હું ગયો. પણ કાન્તા બહેનનો વિલાપ સાંભળ્યા શીવાય, હું, વધારે હકીકત ત્યાંથી મેળવી શકયો નહી તમો મેહેલ છોડી ગયા છો, એવું તરલાને મુખે સાંભળી, હું ઘોડો સ્વાર થઇ તમારી શોધ માટે ત્યાંથી નીકળેલો થોડે માર્ગે જવા પછી મારો વિચાર બદલાયો, કારણ, પ્રભાને માહીતગાર કર્યા શીવાય તમારી શોધ માટે જવું, તે મને વાજબી લાગ્યું નહી. મેહેલમાં આવતાં પ્રભા મને મળી નહી. હું ક્રોધાતુર થયો પ્રભાને બગીચામાંના બાંકપર તમારી સારવારમાં બેઠેલી જોઇ મારો વેહેમ વધ્યો. પ્રભાને માટે મારા મનમાં માઠો વિચાર આવ્યો. પરપુરૂષ સાથે પ્યારમાં પડેલી ધારી હું તેનો વધ કરવા ઉઘાડી સમશેર લઇ તેની તરફ ધસ્યો, પણ એટલામાં પ્રભાના બોલી ઉઠવાથી મારો વહેમ ગયો. પ્રભાની મદદથી તમોને આ દીવાનખાનામાં હું લાવ્યો—અને આ વખતે સુર્યે પેલો ભેદ ભરેલો રબરનો દડો પોતાના મિત્ર ચંદ્રના હાથમાં મુકયો.

વહાલા બંધુ દડાનો ભર્મ હું સમજ્યો છું. તેં મારા મેહેલની મુલાકાત લીધી અને તરલા દાશીથી મારા ગુમ થવાના સમાચાર સાંભળ્યા. તેપરથી હવે એ દડાનો ભર્મ તું અરધો તો સમજી શકયો હોઇશ. એ દડો મેંજ ફેંકયો હતો. સ્ત્રીઓનાં અંતઃકરણ કેવાં અને કેટલે

દરરોજ્જે વજ્ર હોય છે, ઉપર શ્વેત અને અંદરથી કેવાં મલીન હોય છે, કે જે મલીનતા હજારો ઉપાયથી પણ ટળી શકતી નથી, અને તેની સાબીતી મને આજ મળી. તે પાપીણીનું નામ મારી જીભે હવે દેવું એ મને અયોગ્ય લાગે છે. અરે, તમો જેને ભગીની તરીકે ઓળખો છો, તે કેવા દુષ્ટા અને ઘાતકી હૃદયની સ્ત્રી છે, કે જેના દુષ્ટાચરણ નજરે નીહાળ્યા પછી મને આ સંસારપરનો મોહ ટળી ગયો છે, અને——

અરે! મારી વ્હાલી સખી કાન્તાકુમારી પર આ શા આરોપો, સદાય પતિના નામનું સ્મર્ણ કરતી સાધવી, પતીવૃતા, કાન્તા સખીપર આ શા અપવાદો."—ચંદ્રના મુખમાંથી કાન્તા માટે ઉપલી હકીકત સાંભળી પ્રભા કે જે બારી કને ઉભી હતી તે ચંદ્રસેનની નજીક આવતાં બોલી.

વ્હાલી બહેન પ્રભા, તારા જેવી ભોળી તું તારી સખીને ન ધારીશ, તે પાપીણી છે, દુષ્ટા છે, કૃતઘ્ની છે, મલીન છે, તારી સખી થવાને તે નાલાયક છે, હવે તે તારી સખી નથી, પ્રભા, તેનાં કૃત્યો બુરાં છે.

કદી નહી, કદી નહી. મારી પ્રીય સખી કાન્તા તેવી છેજ નહી.' ભાઇ ચંદ્ર, પરમેશ્વરની ખાતર નહી તો ખેર, પણ આ તમારી વ્હાલી બહેન પ્રભાની ખાતર તમે મારી સખીના સંબંધમાં આવા નાલાયક વિચારો ના લાવો. તમો આવા કાચા કાનના કેમ થયા છો. કાન્તા બહેનપર આ શા આરોપો?

પ્રભા, જ્યારે તું તારી સખીના સંબંધમાં આમ પકે પાયે બોલે છે, ત્યારે સાંભળ, હું કાને સાંભળેલી વાત કહેતો નથી, પણ સાક્ષાત મારી નજરે મેં તેને પરપુરૂષના ગળામાં હાથ નાંખી ઉભેલી ગઇ કાલેજ જોઇ છે, બોલ હવે——

હા, અફસોસ! પ્રીય સખી કાન્તા આ પ્રભા આ—એ—જત-અઅનઅ—ફઅઅઆઅ—ણી. ત્યારે—હું—પતી—કોપ—થઇ. ચંદ્રની વાત સાંભળી પ્રભા બેહોશ થઇ ધરણીપર ઢળી પડવા લાગી! પણ ચંદ્ર

ખુરશીપરથી ચોંકી ઉઠી પ્રભાને પોતાના હાથમાં ઝીલી લઇ સુર્યની મદદ-થી પલંગપર સુવાડી. પ્રભા બેભાનાવસ્થામાં લવવા મંડી. "કાન્તા, કાન્તા, વહાલી સખી * * * * હાસ્ય વીનોદ * * * * તારે માથે * * * કલંક, મારે માથે પણ કેવું કાળોચક્ર ભમ્યું * * * * મારા શીયળને માટે શંકા * * * સ્વામીનાથ સમશેર પકડી મારૂં મસ્તક કાપવા ધસે, તારા પતી તને કલંકીત ધારી તજે, એ બધું શા વાસ્તે, તે આ હીણભાગ્ય પ્રભાને લીધે.

પ્રભાના બોલો સાંભળી ચંદ્ર ઝંખવાયો. કાન્તા માટે નવનવી શંકાઓ તેના મનમાં થવા લાગી. ગુપ્ત ભેદ શો હશે? પ્રભા શું લવે છે?? આજ આ કેવો બનાવ બની ગયો છે??? ભાઇ સુર્ય મારૂં માથું ભમે છે, પ્રભાને જોઇ મારી આંખોમાં પાણી ભરાઇ આવે છે. મંદભાગ્ય એવો આ ચંદ્ર તે ક્યાં તારા બગીચામાં આવ્યો કે મારી વહાલી ભગીનીને આ પ્રમાણે દુઃખ ઉત્પન્ન કીધું.

ભાઇ ધીરજ ધર, જે થાય છે તે સારાનેજ માટે. મારે હાથે આજ એક કેવી ગંભીર ભુલ થઇ, કે મારી મુર્તીમાન કિર્તીપ્રભા સનમુખ હું ઉઘાડી સમશેરે ધસ્યો, અને એ મારાં કૃત્ય માટે, પ્રભા હવે જો મારી જીંદગી પર્યંત મહેણું મારે તે સાંભળી રહેવું પડે. (જો કે તે મહેણું મારે તેવી નથી.)

અરે * * * પતિને મહેણું મારે * * * ખોટો વિચાર. નહિ નહિ, મારી સખી કાન્તા તેની છેજ નહી * * * ગરીબ ગાય * * * હુંજ પાપીણી, મારૂં માથું કાપો * * * સખીને ઉગારો. મારે હાથે ભુલ * * * * મારેજ શિક્ષા * * * * પતિવ્રતા સખી * * * નજીવી ભુલ તે મારે હાથે થઇ, અને કાન્તા ને મારે માટે આ-વાદો ચડયા—પ્રભા, સુર્યના બોલવાનો અર્થ સમજી લવવા માંડી.

ચંદ્રે પ્રભાની કપાળે શીતળ લેપ ચોપડયો. સુર્યે ગુલાબજળ છાંટયું એટલે પ્રભાએ મીંચેલી આંખ ઉઘાડી, ચંદ્રની સામું જોયું.

પ્રભા બ્હેન, તારા જીવને કેમ છે, મારી આંખોમાં પાણી ભરાઇ આવે છે. આ ચંદ્રના સમ, હું તારા મનમાં માઠું લાવીશ નહીં— ચંદ્રે કહ્યું.

ભાઇ, હજુ પણ તમે મારી સખીને દોષીત ધારતા હશો, અને તેમાં તમારો વાંક તલમાત્ર નથી. તમે, સાચા છો, હું કબુલ કરૂં છું કે તમોએ મારી સખીને ગઇ કાલે તમારા દીવાનખાનામાં પરપુરૂષ સાથ જોઇ ——

હા, બહેન, તારૂં ધારવું ખરૂં છે. કાલે, કાલેજ, મેં તે દુષ્ટાને એ પ્રમાણે પરપુરૂષ સાથ ઉભેલી મારા દીવાનખાનામાં જોઇ.

અને તે વળી પેલા તમારા તૈયાર કરાવેલાં નવા આરીશા સન્મુખ ઉભા રહી તેમાં પોતાની સજોડે છબી જોતાં, કેમ એમજ કેની?

અરે? પ્રભા, એ વાત ત્યારે તું શું જાણે?—ચંદ્ર ચમકી ઉઠી બોલ્યો.

ભાઈ એ બધાં મારાંજ પાપ.

પણ તે શી રીતે.

હાસ્યરસમાં.

હું હજુ ભેદમાંજ છું.

ભાઇ, ગઈ કાલે તમો તમારા મિત્રની સાલગીરીના કામમાં રોકાયા હતા, અને હું કાન્તા બહેનને મળવા ગઇ હતી. તમારા ભાઇએ સાલગીરીની યાદદાસ્તમાં કેટલાક નવા પોશાક કરાવ્યા હતા. એ પુરૂષનો પોશાક અમે સ્ત્રીઓ પહેરીએ તો કેવી દીપી નીકળીએ એવો સ્વભાવીક ઉલ્લાસ કાલે મને થઇ આવ્યો. તેથી તેમાંનો એક પોશાક હું બડી વાળી સાથે લઇ ગઇ હતી. આવો લાગ ફરી વળી કયારે મળશે એમ ધારી કાલે હું તમારે ત્યાં ગઇ હતી. પોશાક પ્રથમ મેં કાન્તા બહેનથી છુપાવી

એક ખુણામાં સંતાડી મુકયો હતો. અરસપરસ કેટલીક વાતચીત કરી મેં મારો વિચાર બહેનને જણાવ્યો. કાન્તાએ કહ્યું, બહેન, વખતે તારા ભાઇ આવી પહોંચે તો આપણને નાદાન ગણી ઠપકો આપે. પણ મેં કહ્યું કે તેઓ તો મારે ત્યાં આજ રોકાનાર છે, અને આપણે ઝટ પહેરી લઇ, આરીશામાં જોઈ લઇશું, અને પાછો કાઢી નાખીશું. મેં ઘણી રકઝક કરી ત્યારે કાન્તાએ પુરૂષનો પોશાક પહેર્યો, અને અમે બન્ને જ ણીઓએ આરશામાં જોયું. કાન્તા બહેન પુરૂષના પોશાકમાં એવા તો દીપી નીકળતાં હતાં કે મને તેમની છબી ચીતરી લેવાનો ઉલ્લાસ થઇ આવ્યો. મેં તે ચીતરવા માટે એક કાગળપર માર્કો કરી લીધો, અને એમણે પોશાક ઉતારી નાંખ્યો અને પછી એમણે ખેંચતાણ કરી મને તે પોશાક પહેરાવ્યો, અને જે પરપુરૂષ સાથે તમે મારી સખીને તમારા દીવાનખાનામાં ગઇ કાલે ઉભેલી જોઈ તે તો આ તમારી વહાલી બહેન પ્રભા હતી–ઉપલા શબ્દો બોલી પ્રભાએ પોતે ચીતરવા માંડેલી કાન્તાની છબી ચંદ્રના હાથમાં મુકી.

પુરૂષના લેબાશમાં પોતાની પ્રીયાને ચીતરેલી જોઇ ચંદ્ર ઝંખવાયો અને આજ ક્ષણે સુર્યે પોતાના કમરપટામાંથી પેલી ઝેરની શીશી બહાર કાઢી ચંદ્રના હાથમાં આપી.

કાન્તા, કલંકમુક્ત છે, પ્રભા, મારો વહેમ દુર થયો છે, પણ આ શીશીનો ભેદ શો હશે?

શીશીનો ભેદ કાન્તા બહેન શિવાય ખુલ્લો થાય તેમ નથી– સુર્યે કહ્યું.

પ્રભાએ કાન્તાને બોલાવવા એક ઘોડેસ્વારને હુકમ કર્યો. થોડા સમયમાં કાન્તા પોતાની દાસી તરલા સાથે ત્યાં આવી પહોંચી.

કાન્તાને દીવાનખાનામાં પ્રવેશ કરતી જોઇ ચંદ્ર શરમાયો. પોતે ચલાવેલી વર્તણુક માટે તેને પશ્ચાતાપ થયો.

૨૧

બ્હેન કાન્તા, તરલાએ આપેલી પેલી શીશી મેં તમારા પતિના હાથમાં મુકી છે. એ શીશીનો ભેદ તમો એમને હવે સમજાવો— સુર્યે કહ્યું.

હવે એ શીશીનો ભેદ ગુપ્ત રાખવો દુર્લભ છે. તરલાએ દરખાસ્ત મુકી.

તરલાની દરખાસ્તને સરળાએ ટેકો આપ્યો, એટલે આપણે પણ તેના મતને મળતા થવું જોઇએ.

આખરે ચંદ્રે કાન્તાનો હાથ પકડયો. કાન્તા પોતાનો એક હાથ પતિના હાથમા રહેવા દઇ ધ્રુસકે રડી પડી. અને આખરે ચંદ્ર અને કાન્તા સુર્ય અને પ્રભાથી જુદાં પડી પોતાને મહેલે ગયાં.

સમાપ્ત.

જાહેર ખબર.

:o:

આ પુસ્તકના ગ્રાહકોને

સુચના.

આ પુસ્તક નીચેને ઠેકાણેથી રોકડી

કીંમતે મલશે.

લી. શાહ બ્રધર્સ.

ઠેકાણું-શા. કરશનદાશ ધરમસી બુકસેલર

માંડવી નરસીનાથાના જથા નીચે.

મુંબઈ.

અગાઉથી આશ્રય આપનાર સદ્‌ગ્રહસ્થોના મુબારક નામ.

———— :-o-: ————

નકલ.	નામ.
૧૦૧	શા. જેરતભાઇ પીરમ કચ્છવાલા
૫૧	શા. દેવજી વરશંગ, કચ્છપરગનઢ
૫૧	દામજી ધનજી નલીયા
૫૧	શા. લાલજી કેશવજી, જલગામ
૫૧	અબોટી ભીમજી હરી, નલીયા
૨૫	શા. હીરજી નાગસી, નલીનાર— (ચોખાના દલાલ.)
૨૫	શા. કલ્યાણજી વેલજી, સાંધાણુ
૨૫	શા. ડોસાભાઈ દેવત, સુથરી.
૨૫	શા. કલ્યાણજી શામજી, નલીયા
૨૫	શા. ડુંગરસી ઉભાઈઆ, જળગામ.
૨૫	શા નરસિંહ શામજી.
૨૫	મુકાદમ અબદુલા નરસી.
૨૧	શા. વીરજી જીવરાજ, બીધડા.
૨૦	શા આંપસી વાલજી, નળીયા.
૧૧	શા. વેલજી કાનજી, મંજલ.
૧૧	શા. દેવસી પેથરાજ, સુથરી.

નકલ	નામ.
૧૦	શા વેલજી ડુંગરસી, સાંધાણુ.
૧૦	શા. ધનજી દેવજી મુંબઇ.
૧૦	શા. માધવજી મુળજી અંજાર.
૧૦	શા. મુરારજી દેવચંદ ,,
૧૦	શા રાવસી ઉદેસી કોઆપધર
૧૦	શા. ભગવાનજી કાનજી નલીઆ
૧૦	શા. પરબત અ શારીઆ.
૧૦	શા. ધનજી લીલાધર.
૧૦	ડી. કે નાગડા, સાંધાણુ
૧૦	ડી. એસ. સાગાઇઆ, જખૌ
૮	શા. શામજી મુળજી કોલાબાવાળા
૬	શા. વીસનજી બાવજી
૮	શા. આંપસી કરમસી, સુથરી
૮	શા. જેઠાભાઇ આણંદજી ગારતર
૮	શા. મેગજી હીરજી.
૮	શા. હરખચંદ ભીમચંદ
૮	દાઉદ અમીતની જૈકુરસ.
૮	હાજી સુલેમાન મોસેદીના.

નકલ.	નામ.
૬	M. J. V.
૫	શા. લખમસી નપુ જે. પી.
૫	શા. જેઠાભાઇ દામજી.
૫	શા. ગોવંધજી વીરમ.
૫	શા. લખમસી હીરજી મૈશરી, બી. એ.
૫	શા. નેણસી મોરારજી હીરજી, ગોધરા.
૫	શા. દેવસી કરમસી.
૫	શા. મેગજી આસપાર.
૫	શા. પુંજાભાઇ માલસી, વરાડીયા
૫	શા. શામજી રામઇઆ, સાહેરા.
૫	શા. ચત્રભોજ મેગજી, ખાવડી-મોટી.
૫	શા. શામજી ધારસી મંજલ રેલડીઆ.
૫	શા. લાલજી રામજી.
૫	શા. ભવાનજી નાંગસી.
૫	શા. નરસી જેઠા.
૫	શા. ગોપાળજી ગાંગજી.
૫	શા. કેશવજી ત્રીકમજી, નલીઆ
૫	શા. ખીમજી ભારમલ મરચંટ.
૫	શા. રતનસી તેજપાર.
૫	શા. માદણ મુલજી, નલીઆ.
૫	શા. રતનસી લાલજી, સાંધાણ.
૫	શા. ચત્રભોજ ખેતસી, કોઠારા.

નકલ.	નામ.
૫	શા. નરસી સરીપાર આરખાણા.
૫	શા. વીજપાર લખમસી, બીતડા.
૫	શા. કરમસી નેણસી, નાનીખાખર
૫	શા. શામજી ભાણજી, સાહેરા.
૫	શા. વીશનજી માવજી, વરાડીયા.
૫	શા. લાલજી દેવજી કાપડીઆ.
૫	શા. બીઆસી રાયસી બેરાની.
૫	શા. વેલજી કાનજી મુકાદમ.
૫	શા. પ્રેમજી ઠાકરસી નલીઆ.
૫	શા. નાગસી રાજપાર.
૫	શા. ચાંપસી નાંગસી કોઠારા.
૫	શા. શામજી રામજી સાહેરા.
૫	શા. લધા કચરા સુથરી.
૫	શા. જેઠાભાઇ મુલજી જાલીઆ.
૫	ઠક્કર. કાનજી સુંદરજી.
૫	શા. નરસી કેશવજી.
૫	શા. હીરાલાલજી મસકા.
૫	શા. લીલાધર ઉમરસી કોટડી.
૫	ભાટીયા મોરારજી ગો[illegible]
૫	રાજગોર દેવજીલધા. નલીઆ.
૫	મામદખાન સાહેબખા નવી જ કુરગ.
૫	ગુલામહુશેન નબીભાઇ કાગદી.
૫	શલેમાન હાજી ઇસા.
૫	મેમણ જાફર મામદ કોઠારા.
૫	જોશી ખીમજી પ્રેમજી અબડાસા.

નકલ.	નામ.
૫	જરીવાલાં. આઇ. એ.
૪	શા. ગેલાભાઇ ગણુસીની કુંપની.
૪	શા. રતનસી હરજી દોણા.
૪	ટણુબા વીરજી હધા. ગઢસીસો.
૪	સોની દાના હમીર.
૪	સુંદરદાશ વાઘજી ભાટીયા.
૩	ડી. કે બધરસ
૩	શા. મોણસી દેવજી.
૨	માસતર કરમસી ચાંપસી ફ્રીલાય બેરી કચ્છનલીઆ.
૨	શા. હીરજી નેણસી.
૨	શા. માલસી ટોકરસી જલગામવાલા.
૨	ડુંગરસી કેશવજી.
૨	શા. કેશવજી વીરજી.
૨	શા. વશનજી જેતસી.
૨	શા. ગોણુપત તેજપાલ.
૨	શા. પ્રેમજી દેવજી.
૨	શા. દેવસી ડુંગરસી.
૨	શા. ચાંપસી નરસી.
૨	શા. ધનજી જેઠા.
૨	શા. દામજી ભાણજી લાલા.
૨	શા. ધનજી ખેતસી કોઠારા
૨	શા. દેવણુાધ ગંગાજર અરખાણુા.
૨	શા. હાથીભાઇ ચોખાના દલાલ.

નકલ.	નામ.
૨	શા. દેવજી દેવરાજ.
૨	શા. ભીમસી વરજાંગ શેરડી.
૨	શા. ખીમજી પચાણુ કાદાકરા.
૨	શા. નરસી ઉભાઇઆ દુમરા.
૨	શા. ભગવાનદાશ જીવણુદાશ.
૨	શા. નરસી ભીમસી દુરગાપુર.
૨	શા. હરજીવન કુબેર.
૭	શા. પાસવિર દોશાભાઇ.
૨	શા. ધનજી વરશંગ.
૨	શા. વીશનજી શામજી સોનવાલા.
૨	શા. કુંવરજી શામજી.
૨	શા. જેશી કુંવરજી શંભુ પાગડીવાલા.
૨	શા. પી. પાગડીવાલા.
૨	શા. એલ. એલ. પુનસી.
૨	ઠકર વેલજી સુંદરજી.
૨	ઠકર. શામજી નથુ.
૨	કુમારશ્રી રાગશીંગજી ખેંગારજી કોઠલીઆ.
૨	કમાલખાન ખુરશેદખાન પેંવા.
૧	શા. કુંવરજી નરપાર નાગડા પરજાઉના એજંટ.
૧	શા પુનસી તેજપાલ.
૧	શા. હંશરાજ રતનસી મોમાઇઆ,
૧	શા. હીરજી હંશરાજ.

નકલ.	નામ.
૧	શા. રાઘવજી પુંજા હીરજી ગોધરા.
૧	શા. મુરજી લખમસી પુનસી નલીઆ.
૧	શા. લાલજી લખમસી.
૧	શા. લખમસી હરપાર જખૌ.
૧	ભટ માહાશંકર ગવરીશંકર
૧	શા. ડુંગરસી નરસી ગેલા.
૧	શા. દામજી વેરસી પુંજા વીમાના દલાલ.
૧	શા કેશવજી રાઘવજી
૧	શા. વેરસી મગુસી.
૧	શા. કરશનદાશ વીશનજી.
૧	શા. નાનચંદ જેઠા.
૧	,, નાગરદાશ મનમોહનદાશ
૧	,, ગોવંધજી વીસર નલીઆ.
૧	,, દામજી હીરજી ,,
૧	,, વીશનજી મુલજી સુથરી.
૧	,, ખટાઉ ઉકેડા મસકા.
૧	,, નથુ ગોસર
૧	,, પુનસી દેવસી
૧	,, વેલજી દેવું
૧	,, ગંગાજર લધા.

	નામ.
૧	,, રતનસી મેઘજી
૧	,, આણંદજી દેશાભાઇ
૧	,, શોજપાર ખીઅરાજ
૧	,, હીરજી વીરધોર.
૧	,, દલીચંદ તારાચંદ
૧	,, દામજી શામજી મલાટ જખૌ
૧	,, મેગજી લાલજી દેવજી જખૌ
૧	,, જેવત શામજી નલીયા
૧	ઠકર હરીદાસ તુલસીદાશ
૧	ડી. એલ. સુરાઇયા
૧	ડી. સી. ઘેલડીવા
૧	અરદેશર નવરોજી એલાવના.
૧	વેદાંત તુલસીદાશ રવજી
૧	મહેરઅલી ફાજલમામદ
૧	કુમારશ્રી રણમલજી પરજીત.
૧	ખોજા મામદભાઇ યાકુભાઈ
૧	શેરઅલી ગુલામહુશેન
૧	હકીમ બસંતરાય ડીલ્હીવાલા
૧	મોરાર નારાણ
૧	ગોવા લધા શુંજી
૧	ઠકર. રણછોડદાશ નરસી.
૧	શા. આણંદજી દામજી.
૧	શા. ગેલાભાઇ નેણસી.

જી. એન. વી.

સપટ લોશન.

દરાજ કે દાદરની અકસીર દવા. આ દવા—સુગંધી પાણી છે જેથી કપડાં ખરાબ થતાં નથી ને લગાડવાથી તરત સુકાઇ જાય છે. દાદર કે દરાજ ચળ ભીંગડાં કુરૂગટ, ઉકઇ, અંગમાં ફાટફુટ પડે છે તે તથા જુનામાં જુનુ પીત, ખરજવુ, સુકી ખુજલી આ દવાથી ફક્ત તરણ દહાડામાં ફાયદો થાય છે, જો ફાયદો ન થાય તો પઇસા પાછા આપવામાં આવશે.

કીમત શીશી એકના આના ચાર, વાપરવાની રીત—સળીપર રૂ વીટાળી તેનાથી લગાડવી.

સપટની હરસની ગોળીઓ.

આ ગોળીઓથી. ગમે તે જાતના લોહીવાર, દુઝતા કે સુકા મસા કે હરસ સારા થાય છે. દુઝતા મસા તરત બંધ બેસી જાય છે; ઝાડો સાફ લાવે છે, ભુખ લગાડે છે, સફરામા થતી વેદના બંધ થાય છે. દરદોના મુળ સુધા નાશ કરે છે, ત્રણ દીવસમાં ફાયદો ન થાય તો પઇસા પાછા કીમત ગોળી ૫૦ ની શીશી એકનો રૂપીઓ એક.

વાપરવાની રીત—દીવસમાં બે વખત દર વખતે ગોળી બે સવાર સાંજ ઠંડા પાણીથી લેવી.

સપટ એંડ કંપની.

૨૫૯ કાળબાદેવી, બુધી વરધક સકુલ સામ, મુંબઇ.

TOOTH PASTE

ખુશબોદાર દાંતનું મંજન.

દાંતના મંજન ઘણાં નિકળ્યાં છે, પણ અમારૂં આ મંજન ખાસ વૈદક રીતિએ બનાવવામાં આવેલું છે. તે જેમ ઘણું ખુશબોદાર છે, તેમ દાંતના તથા મોઢાના રોગોને મટાડનારૂં. બહુ ગુણકારક છે આ મંજન કાંઇ ટુથ પાઉડર નથી, પણ ટુથ પેસ્ત છે. તે હમેશા લગાડવાથી દાંત સફેદ દુધ જેવા રહેછે દાંત મજબુત થાય છે, મોઢાની દુર્ગંધનો નાશ થાયછે. ખેરી, અવાળુ, સડો વગેરે રોગો એનાથી નાશ પામે છે. હમેશા લગાડવા માટે આ એક ઉપયોગી મંજન છે.

કિંમત.—એક ડબીના **ચારઆના.** પોસ્ટેજ તથા પેકીંગના મળીને ૭ આના જુદા.

HEAD-ACHE & DYSPEPSIA CURE.

માથાનો દુખાવો તથા બદહજમી દુર કરનારી

આ એક ખરેખરી ચમત્કારિક દવા છે. તેનાં ફક્ત બેજ ટીંપા લઇને કપાળમાં ચોપડવામાં આવે તો તેથી માથાનો ગમે તેવો દુખાવો તથા આધાશીશી, વગેરે રોગો તાબડતોબ નાશ પામે છે કપાળમાં ચોપડવાથી આંખની ગરમીને પણ તોડી પાડી આ દવા આંખનું તેજ વધારે છે. આ શિવાય આ દવાનાં બે ટીપાં નાખીને પાંનની બીડી ખાધી હોય તો અજીર્ણ, અપચો, બદહજમી એકદમ દુર થાયછે. પેટમાંની કબજીયાત, ચુંક, આંકડી, આફરો, ગોળો, વગેરે રોગોપણ આ દવાથી નાબુદ થાય છે. યાદ રાખવું કે પેટ સાફ રહેવાથી માથાનાં દરદો ભાગ્યેજ થવા પામે છે. ખરાબ હવાથી માથાનો દુઃખાવો થયો હોય તો પણ આ દવા ફાયદો કરે છે.

કિંમત— શીશી એકના ૭ આના. **પોસ્ટેજ અને પેકીંગ મળીને બે તથા ચાર શીશીના ૭ આના જુદા.**

...શની દવાઓ.

શ્રી–મુંબઈ.

OINTMENT.

મલમ.

...ને કાચી હાથરને આ મલમ એકદમ વપરાત... એકે. પછી એમા એક ખુબી છે કે ચામડીપર ...નો ગમ્મુ આનંદકારક ઠંડક આપેછે. એકવાર વાપરવાથી ...ત્રી થશે.

કિંમત - ડબી એકના પાંચ આના. ટપાલ ખરચ એકથી ચાર ડબી સુધી ૭ આના.

HAIR DEPILATORY POWDER.

વાળ કાઢવાની ચમત્કારીક ભુકી.

આ ભુકીમાં ચમત્કારિક ગુણ એ છે કે માત્ર મિનીટમાંજ વાળ ...ળી જાયછે. એમાં ખુબી કે હરતાલ ચીકણુ નથી એનાથી ચામડી ચીકણુ લાગતી નથી, ફાટી પડતી નથી અને જ્યાંથી વાળ કાઢવા હોય ત્યાં ચામડી કેવળ સીધી અને સાફ બની જાય છે. એક શીશી આઠ વપરાત ... છે. આ ભુકીથી બે મહીના સુધી નહી સરખા વાળ આવે છે. કીમત શીશીના ... બે આના. ટપાલ ખરચ એકથી બે સુધી ૭ આના ...

વડગાદી મે.

સર્વે લોકોને ખબર આપવામાં
ગરીબ લોકોની સગવડતા ખા
ખુમાં દવાખાનું ઉઘાડયું છે. કે
રીતે દવા આપવામાં આવે

પ્લેગ જેવા ભયંકર દરદો
આવેછે. જેને માટે અમે દી.
નેવું ટકા દરદીને આરામ થાય
અમારી પાસે મોજુદછે.

ગરીબ લોકોની સગવડ ખાતર તેમ.
લાચાર હોય તેમને ફ્રીકટ પણ દવા આપવામાં,
અમને જણાવવાની જરૂર થાયછે કે પ્લેગના દ..
ફ્રીકટ દવા આપીશું. તો આશા છે કે, ગરીબ અને ન્યાત. ના
રૈયત માણસો આવી સોનેરી તક ગુમાવશે નહી.

પ્લેગના ભયંકર હીગામ વખતે દરેક માણસને પોતાની આ-
રોગ્યતાનું રક્ષણ કરવાની જરૂરછે. જેને માટે અમારી પાસે
"પ્લેગ સોલ્યુશન" તૈયાર મળી શકશે જે પીવાથી નવું લો
અને નવો જુસ્સો તથા હીમત આવે છે. તથા નબળા બાં
ધા પુરૂષ બની અનેક ફાયદા થાયછે. કીમત શીશી એકનો રૂ. પોણો
એક. બાહાર ગામ વી. પી. થી મોકલવામાં આવશે.

"દવા મળવાનું ઠેકાણું"
ડા૦ દેવજી વીરાનજી ના આશ્રય
વડગાદી મેડીકલ હોલ
ડી એમ શાહ
વ્યવસ્થાપક.